# જાહેરાત

## જીલ્લા આરોગ્ય સોસાયટી, નર્મદા જાહેરાત-(૧૧ માસ કરાર આધારીત ભરતી)

નેશનલ હેલ્થ મિશન અંતર્ગત નર્મદા જિલ્લા માં નીચે જણાવેલ સંવર્ગની ખાલી જગ્યા તદન હંગામી ધોરણે ભરવા તથા તેની પ્રતિક્ષાયાદી બનાવવા સદરહુ જાહેરાત આપવામાં આવે છે. લાયકાત ધરાવતા ઇચ્છુક ઉમેદવારોએ આરોગ્યસાથી પ્રવેશ મોડયુલ ની લિંક https://arogyasathi.gujarat.gov.in તા.૨૦/૦૬/૨૦૨૪ (૧૨:૦૦ કલાકથી) તા.૩૦/૦૬/૨૪ (રાત્રીના ૧૧:૫૯) સુધી ઓનલાઈન અરજી કરવાની રહેશે. દર્શાવેલ પોસ્ટ માટેની જરૂરી લાયકાત, ઉચ્ચક માસિક વેતન તથા અનુભવ,ઉંમર અંગેની સ્પષ્ટતા દર્શાવતી વિગતો નીચે મુજબ છે.

| અ. ન | જગ્યાનું નામ | શૈક્ષણીક લાયકાત,અનુભવ અને ઉંમરની વિગત | ફિક્સ માસીક પગાર |
|---|---|---|---|
| ૧ | પ્રોગ્રામ એસોસીએટ-(ન્યુટ્રીશન)<br>(જીલ્લાકક્ષાએ)<br>જગ્યા-૧ | ૧. એમ.એસ.સી -ફુડ & ન્યુટ્રીશન/પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમાં ઇન Nutrition/dietetics.<br>૨. કોમ્પ્યુટરનું બેઝીક જ્ઞાન હોવુ જરૂરી. ગુજરાતી,અંગ્રેજી ટાઈપીંગ નું જ્ઞાન,તથા રાજ્ય/ જીલ્લા /NGO કક્ષાએ ન્યુટ્રીશન સંબધિત પ્રોગ્રામ નો અનુભવ ને અગ્રતા. ઉંમર:- મહત્તમ ૩૫ વર્ષ | રૂ.૧૬,૦૦૦/-<br>પ્રતિ માસ |
| ૨ | RBSK આયુષ પુરૂષ તબીબ BAMS<br>(તાલુકાકક્ષાએ)<br>જગ્યા-૩ | ૧. યુ.જી.સી માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી આર્યુવેદની બેચલર ડીગ્રી.<br>૨. ઇન્ટર્નશીપ પૂર્ણ કર્યાનું સર્ટીફિકેટ<br>૩. આર્યુવેદ કાઉન્સીલ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ, (વયમર્યાદા ૪૦ વર્ષ) | રૂ.૩૧,૦૦૦/-<br>પ્રતિ માસ |
| ૩ | RBSK-ફાર્માસીસ્ટ કમ ડેટા આસીસ્ટંટ<br>(તાલુકાકક્ષાએ)<br>જગ્યા-૨ | ૧. સ્નાતક અથવા ડીપ્લોમા ઇન ફાર્મસી<br>૨. ગુજરાત ફાર્મસી કાઉન્સીલીંગનું રજીસ્ટ્રેશન.<br>૩. કોમ્પ્યુટરનું બેઝીક જ્ઞાન હોવુ જરૂરી. ,(વયમર્યાદા ૪૦ વર્ષ) | રૂ.૧૬,૦૦૦/-<br>પ્રતિ માસ |
| ૪ | તાલુકા પ્રોગ્રામ આસીસ્ટન્ટ<br>(તાલુકાકક્ષાએ) આગામી વર્ષ માટે પ્રતિક્ષા યાદી બનાવવા અર્થે | ૧. ગ્રેજ્યુએટ-કોઇ પણ શાખા<br>૨. ડીપ્લોમાં/સર્ટીફિકેટ કોર્ષ ઇન કોમ્પ્યુટર એપ્લીકેશન<br>૩. ૨ થી ૩ વર્ષનો અનુભવ તેમજ વર્કિંગ નોલેજ ઇન ઇંગ્લીશ ધરાવતા ઉમેદવારોને પ્રથમ અગ્રતા. (અંગ્રેજી અને ગુજરાતી ટાઈપીંગનું જ્ઞાન, એમ.એસ.ઓફીસ જ્ઞાન) | રૂ.૧૬,૦૦૦/-<br>પ્રતિ માસ |
| ૫ | NHM આયુષ તબીબ<br>હોમીયોપેથીક (પ્રા.આ.કે.કક્ષાએ)<br>જગ્યા-૧ | ૧. B.H.M.S<br>૨. હોમીયોપેથીક કાઉન્સીલ ઓફ ગુજરાતનું રજીસ્ટ્રેશન જરૂરી<br>૩. કોમ્પ્યુટરનું બેઝીક જ્ઞાન હોવુ જરૂરી., (વયમર્યાદા ૪૦ વર્ષ) | રૂ.૩૧,૦૦૦/-<br>પ્રતિ માસ |
| ૬ | એકાઉન્ટન્ટ કમ ડેટા એન્ટ્રી ઓપરેટર<br>(પ્રા.આ.કે. કક્ષાએ)<br>જગ્યા-૨ | ૧. ગ્રેજ્યુએટ(કોમર્સ)<br>૨. ડીપ્લોમાં/સર્ટીફિકેટ ઇન કોમ્પ્યુટર એપ્લીકેશન, ટેલી એકાઉન્ટીંગ, કોમ્પ્યુટરની જાણકારી (ગુજરાતી/અંગ્રેજી) તથા ઓછા માં ઓછુ ૧ વર્ષનું એકાઉન્ટીંગ કામનો અનુભવ. | રૂ.૨૦,૦૦૦/-<br>પ્રતિ માસ |
| ૭ | કમ્યુનીટી હેલ્થ ઓફિસર<br>(CHO)<br>જગ્યા-૩ | ૧. સરકાર માન્ય સંસ્થામાથી (CCCH) સર્ટીફિકેટ કોર્ષ ઇન કમ્યુનિટી હેલ્થ કોર્ષ પાસ કરેલ ઉમેદવારોને ભરતીમાં સૌ પ્રથમ પ્રાથમિકતા આપવામાં આવશે.<br>અથવા,<br>૨. CCCH નો કોર્ષ B.Sc. નર્સિંગ તથા પોસ્ટ બેઝીક B.Sc. નર્સિંગના કોર્ષમાં જુલાઈ-૨૦૨૦ થી સામેલ કરેલ હોય તેવી સંસ્થાઓ ખાતે થી જુલાઈ-૨૦૨૦ કે ત્યારબાદ પાસ થયા હોય તેવા B.Sc. નર્સિંગ તેમજ પોસ્ટ બેઝીક B.Sc. નર્સિંગ ઉમેદવારો. | રૂ.૩૦,૦૦૦/<br>(રૂ.૧૦,૦૦૦/- ઇન્સેટિવ)<br>પ્રતિ માસ |
| ૮ | ઓડીઓલોજીસ્ટ<br>(જીલ્લા હોસ્પીટલ)<br>જગ્યા-૧ | ૧. ગ્રેજ્યુએટ ઇન ઓડીઓલોજીસ્ટ & સ્પીચ લેન્ગવેજ પેથોલોજી/BSC - સ્પીચ અને હિયરીંગ (RCI માન્ય સંસ્થા માંથી)<br>૨. કોમ્પ્યુટરનું બેઝીક જ્ઞાન હોવુ જરૂરી. | રૂ.૧૯,૦૦૦/-<br>પ્રતિ માસ |
| ૯ | ઓડીઓમેટ્રિક્ષ આસી.<br>(જીલ્લા હોસ્પીટલ)<br>જગ્યા-૧ | ૧. ૧ વર્ષનો ડીપ્લોમાં કોર્ષ ઇન હિયરીંગ, લેન્ગવેજ અને સ્પીચ (DHLS) (RCI માન્ય સંસ્થા માંથી)<br>૨. કોમ્પ્યુટરનું બેઝીક જ્ઞાન હોવુ જરૂરી. | રૂ.૧૫,૦૦૦/-<br>પ્રતિ માસ |

❖ **ઓનલાઈન ફોર્મ ભરવા અંગેની અગત્યની સુચનાઓ:**

❖ ઉમેદવારની ફકત ઓનલાઇન https://arogyasathi.gujarat.gov.in પર મળેલ અરજી જ સ્વીકારવામાં આવશે. આર.પી.એ.ડી., સ્પીડ પોસ્ટ, કુરીયર કે સાદી ટપાલ દ્વારા મળેલ અરજીઓ માન્ય રહેશે નહિ.

❖ સુવાચ્ય અને સ્પષ્ટ દેખાય તે રીતે ઓરીજનલ ડોકયુમેન્ટ ની ફોટોકોપી સોફ્ટવેર માં ફરજીયાત અપલોડ કરવાના રહેશે, જો અસ્પષ્ટ,ન વંચાય તેવા ડોક્યુમેંટ અપલોડ કરેલા હશે તો તેવી અરજી રદ ગણવામાં આવશે.

❖ અધુરી વિગતોવાળી અરજીઓ અમાન્ય રહેશે.

❖ ઉમેદવાર એક કરતાં વધુ અરજી કરી શકશે નહી

❖ ઉમેદવારોએ કોમ્પ્યુટરની પ્રેક્ટિકલ પરિક્ષા આપવાની રહેશે.

❖ ઉકત જગ્યા માટે નો પત્ર વ્યવહાર અત્રેની કચેરી ખાતેથી ફકત ઇ-મેલ મારફતે જ કરવામાં આવશે. જેથી તમામ ઉમેદવારોએ તેઓના ઇ-મેલ આઇ.ડી. ખાસ કરીને હાલ કાર્યરત હોય તેજ દર્શાવવાનાં રહેશે.

❖ ઉકત જગ્યાઓ માટે દરેક ઉમેદવારે ઓનલાઇન અરજી કરતા પહેલા જગ્યા માટેની શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર વિગેરેની આરોગ્ય સાથી પોર્ટલમાં જણાવ્યા મુજબ સંપુર્ણ અભ્યાસ કરી ઓનલાઇન અરજી કરવાની રહેશે.

❖ વયમર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ના રોજ વયમર્યાદાની ગણતરી કરવામાં આવશે એટલે કે તમામ ઉમેદવારોના કિસ્સામાં વયમર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :-૩૦/૦૬/૨૦૨૪ ની સ્થિતીને ધ્યાનમાં લેવામાં આવશે.

❖ નિમણુંકને લગત જેવાકે જગ્યાઓમાં વધારો કે ઘટાડો કરવો, ભરતી પ્રક્રિયા રદ કરવી અથવા તેને લગત તમામ આખરી નિર્ણય મિશન ડાયરેક્ટર અને મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, નર્મદા અબાધીત રહેશે.

-સહી-

મિશન ડાયરેક્ટર અને
મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી
જીલ્લા પંચાયત નર્મદા